જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૩/૭/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૪/૧૫**

## અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે આવેલ ચાર બાંગ્લાદેશી નાગરીકોને ઝબ્બે કરતી એસઓજી ક્રાઇમ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા સાહેબ નાઓએ શહેરમાં આગામી રથયાત્રા અનુસંધાને ગેરકાયદેસર રીતે રહેતાં કોઈ બાંગ્લાદેશી નાગરીકો મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ. જે સુચના આધારે પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ સાહેબ તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા. દરમ્યાન નારોલ રોડ પાસે આવતા બાતમી રાહે હકિકત મળેલ કે "નારોલ રોડ સુએજ ફાર્મ પહેલા દેવ ફાર્મની નજીક આવેલ કચરાપેટી ખાતે કેટલાક બાંગ્લાદેશી નાગરિકો કચરો વીણે છે અને તેઓ ભારતના વિઝા વગર ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરી ભારતમાં પ્રવેશ કરી અત્રે આવેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકતવાળી જગ્યાએ જઇ ઉપરોકત ઇસમોને પકડી પાડી તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં બાંગ્લાદેશી નાગરિક નં.(૧) નાઓ પોતે પોતાનું નામ ઇકલાસ મુલ્લા સ/ઓ ઝાહીદ મુલ્લા જાતે મુલ્લા ઉ.વ. ૨૬ ધંધોઃભંગાર વીણવાની મજુરી હાલ રહે, પાવાપુરી બસ સ્ટેન્ડ સામે આવેલ કાચા છાપરમાં ઘાટલોડિયા, અમદાવાદ. મુળ રહે. ગામઃ મોગલપુર, થાના લુહાગઢ, જી.નોડાલ, બાંગ્લાદેશ તથા નં(૨) નાઓ પોતે પોતાનું નામ આરીફ સ/ઓ તુતા જાતે શેખ ઉ.વ. ૨૬ ધંધોઃભંગાર વીણવાની મજુરી હાલ રહે, પાવાપુરી બસ સ્ટેન્ડ સામે આવેલ કાચા છાપરમાં ઘાટલોડિયા, અમદાવાદ. મુળ રહે. ગામઃ કુદલા, થાના તેરોખાદા, જી.ખુલના, બાંગ્લાદેશ. તથા નં(૩) નાઓ પોતે પોતાનું નામ રાના સ/ઓ રોબી જાતે હુસેન ઉ.વ. ૧૯ ધંધોઃભંગાર વીણવાની મજુરી હાલ રહે, પાવાપુરી બસ સ્ટેન્ડ સામે આવેલ કાચા છાપરમાં ઘાટલોડિયા, અમદાવાદ. મુળ રહે. ગામઃ નીરવસખોલા, થાના જીગોરઘાસા, જી.જોસોર, બાંગ્લાદેશ. તથા નં(૪) મોહમંદ સનાઉલ્લા સ/ઓ મોહમંદ સીરાજુલ ઇસ્લામ જાતે શેખ ઉ.વ, ૩૦ ધંધોઃ છુટક મજુરી રહે, મ.નં.૪૦૭ પાશ્વનાથ ટાઉનશીપ, શિવાજીચોક, કૃષ્ણનગર, નરોડા, અમદાવાદ. મુળ રહે. ગામઃ ગેરામ કાલા પહારીયા, થાના આરાઇહજાર, જી.નારાયણગંજ, બાંગ્લાદેશ નાઓ કુલ ચાર બાંગ્લાદેશી નાગરિકોને તા.૧૨/૦૭/૨૦૧૫ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી ડિટેઇન કરવામાં આવેલ છે. સદરી ઇસમો કોઇ ગુન્હાહીત પ્રવુતી સાથે સંકળાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)